# જિનપૂજાનો ક્રમ

## [એક મનનીય વિચારણા]

— શ્રી માણેકલાલ છગનલાલ મહેતા

[ 'નવજીવન ગ્રંથમાળા' ( ગારિયાધાર – સૌરાષ્ટ્ર ) જે 'જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ – પૂના'ની શાખારૂપ છે. તેમના તરફથી પ્રકાશિત થયેલા " જિજ્ઞાસા " પુસ્તક જેના શ્રી માણેકલાલ મહેતા લેખક છે, તેમાં તેમણે જિનેશ્વર પરમાત્માના બિંબની નવાંગ પૂજા અંગે પણ એક પ્રશ્નોત્તર લખેલ છે. વર્તમાનમાં પણ અંચલ ( વિધિપક્ષ ) ગચ્છના શ્રાવક – શ્રાવિકાઓ જિનપ્રભુની નવાંગ પૂજા કરતાં નીચે ન ઊતરતાં ઊંચે ચઢે છે, પૂ. શ્રી મેઘરાજ મુનિ કૃત 'પૂજા' વર્તમાન કાળમાં ઉપલબ્ધ પૂજા સાહિત્યમાં સૌથી પ્રાચીન અને પ્રથમ મનાય છે. શ્રી મહેતાનો આ પ્રશ્નોત્તર મનનીય હોઈ અહીં આપેલ છે. — **સંપાદક** ]

**પ્રશ્ન:** શું ચાલતી આવતી નવ અંગની પૂજાનો ક્રમ બરાબર છે?

**ઉત્તર:** અત્યારની પ્રથા અનુસાર નવ અંગના દુહા પ્રમાણે : ૧. ચરણ, ૨. ઢીંચણ, ૩. કાંડું, ૪. ખભા, ૫. શિર, ૬. ભાલ, ૭. કંઠ, ૮. હૃદય, ૯. નાભિ. એમ ક્રમ રાખીને પૂજા કરવામાં આવે છે. આ રીતે નવે અંગ દ્વારા તીર્થંકર પરમાત્માએ અનંત ઉપકાર કરેલો છે, તેને આપણે યાદ કરીએ છીએ.

પરંતુ, આપણે સૌથી ઊંચું મોક્ષપદ ( મુક્તિપદ ) પ્રાપ્ત કરવું છે. ત્યાંથી ફરી આ સંસારમાં આવવાનું જ નથી. જ્યારે આપણે તો શિર ઉપર પાંચમું તિલક કરી પાછા નીચે ઊતરીએ છીએ. તે મારી માન્યતા મુજબ બરાબર લાગતું નથી.

પૂજ્ય શ્રી મેઘરાજ મુનિ કૃત 'સત્તર ભેદી પૂજા'ની બીજી પૂજામાં કહ્યું છે :

"પૂજિયે નવ અંગે, ચરણ, જાનુ – કર, અંસ (નાભિ), હૃદિ, બાહુ બેઉ અપાર;
કંઠ લલાટ, શિર વિલેપતાં રંગભર, પામીએ રે ભવતણો એમ પાર."

આ પદ અનુસાર : ૧. ચરણ, ૨. ઢીંચણ, ૩. હાથ ( કાંડાં ), ૪. નાભિ, ૫. હૃદય, ૬. બાહુ (ખભા), ૭. કંઠ, ૮. લલાટ, ૯. શિર.

આ રીતે શિર ઉપર છેલ્લું તિલક કરવું એમ સ્પષ્ટ દેખાઈ આવે છે, અને તે જ યોગ્ય હોવું જોઈએ.

* * *



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org